# સાચા આચાર્ય કહે તે કરે

વચન અને કર્મથી સમાન વ્યકિતને સમાજ આવકારે છે. જ્યાં વચન અને કર્મમાં ભિન્નતા જોવા મળે તેને લોકો જૂઠો માણસ ગણે છે, જેની પર કોઇ વિશ્વાસ મૂકતું નથી. આવું વ્યક્તિત્વ પોતાની જાતને તો હાનિ પહોંચાડે છે, પણ સાથે સંપર્કમાં રહેલા અન્ય વ્યક્તિઓને પણ હાનિ પહોંચાડે છે. તેમાં પણ નેતૃત્વ કરનાર વ્યક્તિનો પ્રભાવ તેની હાથ નીચે કરનાર વ્યક્તિઓ પર ખૂબ જ મોટા પ્રમાણમાં અસર કરે છે. આવું એક નેતૃત્વ એટલે- આચાર્ય. સ્વાભાવિક છે કે આચાર્ય પાસે પણ આ જ અપેક્ષા હોય કે તે જે બોલે- કહે તે કરે. જો તે આમ ન કરે તો તેમાં નુકશાન માત્ર તેને જ નથી, સાથે સંસ્થા, શિક્ષકો, વિચાર્થીઓ બધાંને છે. આવી સાચી સમજ જેટલી વધુ વિસ્તરે તેટલો શિક્ષણને ફાયદો.

આ લેખ લખવાની પ્રેરણા કેવી રીતે મળી એ બાબત જાણવાથી  વાચક મિત્રો સુધી જે સંદેશ મોકલવો છે તે સરળતાથી પહોંચશે અને વાચકોને સમજવામાં સરળતા રહેશે. ગત શનિવારના રોજ ગુજરાતની કેટલીક કોલેજોની દિલ્હીથી આવેલ તજજ્ઞ સાથે એક વિડિયોકોન્ફરન્સ અગિયાર વાગે ગોઠવવાનું આયોજન થયું. આ માટે મને થયું કે, ગુજરાતના દરેક ખૂણેથી આ કામ થાય તો સારું રહેશે. જેથી ગોધરામાં સારી ગણાતી આર્ટ્સ સાયન્સ કોલેજના આચાર્યશ્રી સાથે મેં ટેલિફોનિક વાત કરી. આ માટે આચાર્યશ્રીએ ખૂબ જ સારો પ્રતિભાવ અને ઉત્સાહ દર્શાવ્યો. તેમની કોલેજમાં થતાં કામ અને તેમની આવડત વિશે વાત કરી. હું ખૂબ જ ખુશ થઇ ગયો. વિડિયોકોન્ફરન્સ એક નવા સોફટવેર સાથે કરવાની હતી. જેથી સોફટવેર ડાઉનલોડ કરવા માટે મેં એસએમએસ કરીને લીંક મોકલાવી અને જણાવ્યું કે તમે આ સોફટવેર ડાઉનલોડ કરો, ત્યાં સુધી તે વાપરવા માટેના તમારી કોલેજના નામના યુઝર આઇડી અને પાસવર્ડ હું ગાંધીનગરથી મેળવું છું. તમે પંદર મિનિટ પછી મને ફોન કરજો. મેં ગાંધીનગરથી સાડા આઠ વાગ્યાની આસપાસ ઓફિસ સમય ન હોવા છતાં  યુઝર આઇડી અને પાસવર્ડ મેળવ્યા. અડધો કલાક થવા છતાં પેલા આચાર્ય સાહેબનો ફોન ન આવ્યો ! આથી મેં ફોન કર્યો. પણ આચાર્ય સાહેબે ફોન ઉઠાવ્યો નહીં. ત્યારબાદ મેં સાડા દસ પહેલાં દસ થી બાર જેટલા પ્રયત્નોઆચાર્ય સાહેબના મોબાઇલ પર કર્યા. પણ ફોન ન ઉપડયો. કોન્ફરન્સ પણ પૂર્ણ થઇ ગઇ. તે આચાર્યશ્રીએ ત્યારબાદ એક પણ વાર ફોન કરીને આમ બનવા પાછળનું કારણ બતાવવાની પણ તસ્દી લીધી નથી. બીજી બાજુ અમદાવાદની એક બી.એડ્.કોલેજના આચાર્ય શ્રી કલ્પેશ પાઠક. કે જેઓની કોલેજનો સમય બપોરના બાર વાગ્યાનો હોવા છતાં દસ વાગે કોલેજ પહોંચી ગયા. સેવક ભાઇઓની ગેરહાજરીમાં જાતે કોલેજ ખોલીને જાતે મથામણ કરીને કોન્ફરન્સ જોવા અને ભાગ લેવા માટેના પ્રયત્નો કર્યા. અહીં ખ્યાલ આવશે કે, કેવા આચાર્યના સુકાનમાં કોલેજ અને વિદ્યાર્થીઓનું હિત સચવાશે?

આચાર્યના વર્તન અને વચનના આધારે માત્ર એક વ્યક્તિની જ ઇમેજ બંધાતી નથી, સમગ્ર સંસ્તાની ઇમેજ બંધાય છે. કારણ કે જેવો રાજા તેવી પ્રજા. આચાર્ય જે કહે તે જો ન કરે તો તેની અસર શિક્ષકો પર થાય જ. આચાર્ય જે પણ નવા નિર્ણયો લે તેમાં શિક્ષકોને વિશ્વાસ ન બેસે. શિક્ષકો એમ જ માનશે કે આ તો બોલે છે પણ કરશે નહીં. આપણી પાસે જ કરાવવું છે, પણ પોતે કશું જ કરવું નથી. સમય પસાર થતાં માત્ર શિક્ષકો જ નહીં સેવકભાઇઓ પણ આચાર્યના હુકમનું પાલન કરતા નથી. સંસ્થામાં જ્યારે આવા પ્રકારનું વાતાવરણ સર્જાય ત્યારે તેની અસર વિદ્યાર્થીઓ પર થાય. આચાર્ય કે શિક્ષકોના વિદ્યાર્થીના હિત માટેના નિર્ણયોને પણ વિદ્યાર્થીઓ શંકાની નજરથી જોવા લાગશે. આચાર્યની છાપ દિનપ્રતિદિન બગડતી જશે. વિદ્યાર્થીઓ આચાર્યને માન તો નહીં જ આપે પણ સામે મળશે તો નોંધ પણ નહીં લે.

વિદ્યાર્થીઓ આ વાતને પોતાના ગર સુધી લઈ જશે. જેથી વાલીઓ પણ આચાર્યના સ્વભાવ અને વર્તનથી પરિચિત થશે. વાલીઓ આવા આચાર્યના નેતૃત્ત્વ નીચે પોતાના બાળકને મોકલતા પહેલાં સો વાર વિચાર કરશે. આવા આચાર્યની કાર કે સ્કૂટરને રસ્તામાં પંક્ચર પડ્યું હશે તો કોઈ વિદ્યાર્થી કે વાલી મદદ માટે નહીં આવે અને કારીગર સામે ચાલીને પૈસા માંગશે. ભલે ને તે કારીગર તેમનો વિદ્યાર્થી જ કેમ ન હોય !

સત્તાથી આચાર્ય બનાય, પણ આચાર્યપણું સામર્થ્યથી આવે. સામર્થ્ય માટે અનેક પ્રકારની ક્ષમતા કેળવવી પડે. લોકો સત્તા કરતાં સામર્થ્યને વધુ હકારાત્મક રીતે જૂએ છે. સત્તાવાન વ્યક્તિને સત્તા હશે ત્યાં સુધી જ સલામ મારશે, પણ સામર્થ્યવાનને હંમેશા સલામ મારશે. તેને આદર્શ તરીકે સ્વીકારશે. લોકો સત્તા સામે વિરોધ કરશે પણ સામર્થ્ય સામે તો ઝૂકશે જ. સામર્થ્ય ખોટાં ઠાલા વચનોથી ન આવે, તે માટે મન-વચન અને કર્મ એક રાખવા પડે. તમે સો માણસો સાથે એક દિવસમાં બનાવટ કરી શકો, પણ એક માણસ સાથે સો દિવસ બનાવટ ન જ કરી શકો. જે આચાર્યને પોતાની જાત પર, પોતાના કામ પર વિશ્વાસ ન હોય, તેની પર અન્ય શિક્ષકો, વિદ્યાર્થીઓ કે વાલી ક્યાંથી વિશ્વાસ મૂકી શકે ? જે પોતાના કામ પ્રત્યે ગંભીર ન હોય, જેને પોતાના વચનની કિંમત ન હોય તે બીજા પાસે ક્યાંથી અપેક્ષા રાખી શકે ? તે બીજાને કેવી દોરવણી આપી શકે. દોરવણી આપવા માત્ર શબ્દો ન ચાલે. આ આ માટે મન-વચન અને કર્મનો ત્રિવેણી સંગમ કરવો પડે. ત્રિવેણી સંગમ હંમેશાં પવિત્ર હોય છે, જેના સુગંધ અને ફળ સારાં હોય છે. આ ત્રણે એક ન હોય તેનો અર્થ એવો ઘટાવી શકાય કે, જે તે વ્યક્તિમાં પોતાની ફરજ પ્રત્યે નિષ્ઠાનો અભાવ ચે અથવા તો પોતાની ફરજ માટેની આવડત નથી. આવા આવડત વિહોણા આચાર્યની હાજરીની હકારાત્મક અસર સંસ્થાના કર્મચારી પર થતી નથી. આવા આચાર્યની નિમણૂંક કરવાથી સંસ્થા અને સરકારે દૂર રહેવું જોઈએ. વધુ અનુભવ કે વધુ ભણેલો એટલે હોશિયાર કે સારો આચાર્ય એવી માન્યતામાંથી બહાર આવવું જોઈએ. આચાર્યપણાં માટે નિષ્ઠાવાન, કાબેલ, કામનો ચાહક, પદનો નિરાભિમાની, માત્ર શિક્ષણનો જ વ્યવસાય સ્વીકારનાર જેવા અનેક ગુણો ભરપૂર હોવાં જોઈએ.